# અહિંસા અને અમારિ

માનવ પ્રકૃતિમાં હિંસા અને અહિંસાનાં બન્ને તત્ત્વો સમાયેલાં છે. હિંદુસ્તાનમાં તેના મૂળ વતનીઓની અને પાછળથી તેમના વિજેતા તરીકે જાણીતા આર્યોની જાહોજલાલી વખતે અનેક જાતનાં બળિદાનો તેમજ યજ્ઞયાગની ભારે પ્રથા હતી અને એમાં માત્ર પશુઓ કે પંખીઓ જ નહિ પણ મનુષ્ય સુદ્ધાંની બળિ અપાતી. ધાર્મિક ગણાતો હિંસાનો આ પ્રકાર એટલી હદ સુધી વ્યાપેલો હતો કે તેના પ્રત્યાઘાતથી બીજી બાજુએ એ હિંસાનો વિરોધ શરૂ થયો હતો, અને અહિંસાની ભાવનાવાળા પંથો ભગવાન મહાવીર અને બુદ્ધ [illegible] પણ સ્થપાઈ ગયા હતા. એમ છતાં અહિંસા તત્ત્વના અનન્ય પોષક તરીકે અને અહિંસાની આજની ચાલુ ગંગાની ગંગોત્રી તરીકે તો જે બે મહાન ઐતિહાસિક પુરુષો આપણી સામે છે તે ભગવાન મહાવીર અને બુદ્ધ જ છે. એમના સમયમાં અને એમના પછી હિંદુસ્તાનમાં અહિંસાને જે પોષણ મળ્યું છે, તેનો જેટજેટલી રીતે અને જેટજેટલી દિશામાં પ્રચાર થયો છે તેમજ અહિંસા તત્ત્વપરત્વે જે શાસ્ત્રીય અને સૂક્ષ્મ વિચારો થયા છે એની જોડ હિંદુસ્તાનની બહારના કોઈપણ દેશના ઈતિહાસમાં મળી શકે તેમ નથી. દુનિયાના બીજા દેશો અને બીજી જાતિઓ ઉપર અસાધારણ પ્રભાવ પાડનાર, તેમને જિતનાર અને કાયમને માટે તેમનાં મન હરી લેનાર હિંદુસ્તાનમાં કોઈ તત્ત્વ ઉદ્ભવ્યું હોય તો તે હજારો વર્ષથી આજ સુધી સળંગ ઓછેવત્તે અંશે ચાલ્યું આવેલું અને વિકાસ પામેલું અહિંસા તત્ત્વ જ છે. આજ પણ ગુલામીગ્રસ્ત હિંદુસ્તાનનું તેજ જો કાંઈ હોય તો તે માત્ર અહિંસા અને અહિંસા જ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહિંસાના પ્રચારક જૈન અને બૌદ્ધસંઘો વ્યવસ્થિત સ્થપાયા પછી તેનું પ્રચારકાર્ય ચોમેર ખૂબ જોસભેર ચાલવા લાગ્યું, એના પૂરાવાઓ આજે પણ જીવતા છે. મહાન સમ્રાટ અશોકની ધર્મ-લિપિઓમાં જે ફરમાનો છે તે આપણને સ્પષ્ટ જણાવે છે કે અશોકે ઉત્સવો અને સમારંભોમાં હિંસા ન કરવાની આજ્ઞા કરી હતી, અથવા એક રીતે લોકો પાસે એમ ન કરવાની પોતાની ઇચ્છા તેણે દર્શાવી હતી. જાતે હિંસામુક્ત થઈ ફકીરી ધારણ કરી, રાજદંડ ધારણ કરનાર અશોકની ધર્મઆજ્ઞાઓનો પ્રભાવ દરેક પંથના લોકો ઉપર કેટલો પડયો હશે એની કલ્પના કરવી કઠણ નથી. રાજકીય ફરમાનો દ્વારા અહિંસાના પ્રચારનો આ માર્ગ અશોકથી અટકયો નથી. તેના પૌત્ર જાણીતા જૈન સંપ્રતિરાજાએ એ માર્ગનું ભારે અનુસરણ કર્યું હતું અને પોતાના પિતામહની અહિંસાની ભાવનાને એણે પોતાની ઢબે અને પોતાની રીતે બહુ જ પોષી હતી. રાજાઓ, રાજકુટુંબો અને મોટા મોટા અધિકારીઓ અહિંસાના પ્રચાર તરફ ઝુકેલા હોય તે ઉપરથી બે વાત જાણવી સહેલ છે. એકતો એ કે અહિંસા-પ્રચારક સંઘોએ પોતાના કાર્યમાં કેટલી હદ સુધી પ્રગતિ કરી હતી કે જેની અસર મહાન સમ્રાટો સુધી થઈ હતી. અને બીજી વાત એ કે લોકોને અહિંસાતત્ત્વ કેટલું રુચ્યું હતું અથવા તેમનામાં દાખલ થયું હતું કે જેને લીધે તેઓ આવા અહિંસાની ઘોષણા કરનારા રાજાઓને માન આપતા. કલિંગરાજ આર્હત સમ્રાટ ખારવેલે પણ એ માટે ખૂબ કર્યું હોય તેમ તેની કારકીર્દી ઉપરથી લાગે છે. વચ્ચે વચ્ચે બળિદાનવાળા યજ્ઞના યુગો માનવપ્રકૃતિમાંથી ઉદયમાં આવતા ગયા એમ ઈતિહાસ સ્પષ્ટ કહે છે. છતાં એકંદર રીતે જોતાં હિંદુસ્તાન અને તેની બહાર એ બન્ને અહિંસાપ્રચારક સંઘોના કાર્યે જ સફળતા વધારે મેળવી છે. દક્ષિણ અને ઉત્તર હિંદુસ્તાનના મધ્યકાલીન જૈન અને બૌદ્ધ રાજાઓ તેમ જ રાજકુટુંબો અને અમલદારોનું પહેલું કાર્ય અહિંસાના પ્રચારનું જ રહ્યું હોય તેમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માનવાને ઘણાં કારણો છે. પશ્ચિમ હિંદુસ્તાનના પ્રભાવશાળી રાજ્યકર્તા પરમ આર્હત કુમારપાળની અહિંસા તો એટલી બધી જાણીતી છે કે ઘણાને આજે તે અતિશયતાવાળી લાગે છે. મોગલ સમ્રાટ અકબરનું મન હરણ કરનાર ત્યાગી જૈન ભિક્ષુ હીરવિજયસૂરિના અને ત્યાર પછીના તેમના અનુગામી શિષ્યોના બાદશાહો પાસેથી અહિંસાપરત્વે મેળવેલાં ફરમાનો હમેશને માટે ઈતિહાસમાં અમર રહે તેવાં છે. આ ઉપરાંત ઠાકરડાઓ, જમીનદારો, લાગવગવાળા અમલદારો અને ગામના આગેવાન પટેલો તરફથી પણ હિંસા ન કરવાનાં મળેલાં વચનો જો આપણે મેળવી શકીએ અને મળી આવે તો આ દેશમાં અહિંસાપ્રચારક સંઘે અહિંસાનું વાતાવરણ ઉભું કરવા કેટલો પુરુષાર્થ કર્યો છે એની કાંઈક કલ્પના આવે.

અહિંસાપ્રચારના એક સચોટ પૂરાવા તરીકે આપણે ત્યાં પાંજરાપોળની સંસ્થા ચાલી આવે છે. આ પરંપરા ક્યારથી અને કોની દ્વારા અસ્તિત્વમાં આવી એ ચોક્કસ કહેવું કઠણ છે. છતાં ગૂજરાતમાં એનો પ્રચાર અને એની પ્રતિષ્ઠા જોતાં એમ માનવાનું મન થઈ જાય છે કે પાંજરાપોળની સંસ્થાને વ્યાપક કરવામાં કદાચ કુમારપાલનો અને તેના ધર્મગુરુ આચાર્ય હેમચંદ્રનો મુખ્ય હાથ હોય. આખાયે કચ્છ, કાઠિયાવાડ અને ગૂજરાતનું તેમ જ રજપુતાનાના અમુક ભાગનું કોઈ એવું જાણીતું શહેર કે સારી આબાદીવાળો કસબો નહિ મળે કે જ્યાં પાંજરાપોળ ન હોય. ઘણે સ્થળે તો નાના ગામડાઓમાં પણ પ્રાથમિક નિશાળો (પ્રાઈમરી સ્કુલ) ની પેઠે પાંજરાપોળની શાખાઓ છે. આ બધી પાંજરાપોળો મુખ્યપણે પશુઓને અને અંશતઃ પંખીઓને પણ બચાવવાનું અને તેની સારસંભાળ રાખવાનું કામ કરે છે. આપણી પાસે અત્યારે ચોક્કસ આંકડા નથી પણ મારી સ્થૂળ અટકળ એવી છે કે દરવર્ષે આ પાંજરાપોળો પાછળ જૈનો પચાસ લાખથી ઓછો ખર્ચ નથી કરતા. અને એ પાંજરાપોળોના આશ્રયમાં કાંઈ નહિ તો નાનામોટા લાખેક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવો સારસંભાળ પામતા હશે. ગૂજરાત બહારના ભાગમાં જ્યાં જ્યાં ગોશાળાઓ ચાલે છે ત્યાં બધે મુખ્ય ભાગે ફક્ત ગાયોની જ રક્ષા કરવામાં આવે છે. ગોશાળાઓ પણ દેશમાં પુષ્કળ છે અને તેમાં હજારો ગમે ગાયો રક્ષણ પામે છે. પાંજરાપોળની સંસ્થા હો કે ગોશાળાની સંસ્થા હો પણ એ બધી પશુરક્ષણની પ્રવૃત્તિ, અહિંસા-પ્રચારક સંઘના પુરુષાર્થને જ આભારી છે એમ કોઈ પણ વિચારક કબૂલ્યા વિના ભાગ્યે જ રહી શકે. આ ઉપરાંત કીડીઆરાની પ્રથા, જળચરોને આટાની ગોળીઓ ખવડાવવાની પ્રથા, શિકારો અને દેવીના ભોગો બંધ કરાવવાની પ્રથા, એ બધું અહિંસાની ભાવનાનું જ પરિણામ છે.

અત્યાર સુધી આપણે પશુ, પંખી અને બીજા જીવજંતુઓ વિષે જ વિચાર કર્યો છે. હવે આપણે મનુષ્યજાતિ તરફ પણ વળીએ. દેશમાં દાનપ્રથા એટલી ધોધબંધ ચાલતી કે તેમાં કોઈ માણસ ભૂખે રહેવા ભાગ્યે જ પામતું. પ્રચંડ અને વ્યાપક લાંબા દુષ્કાળોમાં જગડુશા જેવા સખી ગૃહસ્થોએ પોતાના અન્નભંડારો અને ખજાનાઓ ખુલ્લા મૂકયાના વિશ્વસ્ત લેખી પુરાવાઓ છે. જે દેશમાં પશુપંખી અને બીજા ક્ષુદ્ર જીવો માટે કરોડો રૂપીઆ ખર્ચાતા હોય તે દેશમાં માણુસજાત માટે લાગણી ઓછી હોય અગર તો તે માટે કાંઈ ન થયું હોય એમ કલ્પવું એ વિચારશક્તિની બહારની વાત છે. આપણા દેશનું આતિથ્ય જાણીતું છે, અને આતિથ્ય એ માનવજાતને લક્ષીને જ છે. દેશમાં લાખો ગમે ત્યાગી અને ફકીરો થઈ ગયા અને છે. તે એક આતિથ્ય—મનુષ્ય તરફની લોકોની વૃત્તિ—નો પૂરાવો છે. અપંગો, અનાથો અને બીમારો માટે બને તેટલું વધારેમાં વધારે કરી છૂટવાનું બ્રાહ્મણ, બૌદ્ધ અને જૈન ત્રણેના શાસ્ત્રોમાં ફરમાન છે, જે તત્કાલીન લોકરુચિનો પડઘો છે. મનુષ્ય-જાતિની સેવાની દિવસે દિવસે વધતી જતી જરુરિયાતને લીધે, અને પાડોશી ધર્મની અગત્ય સર્વથી પ્રથમ હોવાને લીધે, ઘણીવાર ઘણા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાઈઓ આવેશ અને ઉતાવળમાં અહિંસાના પ્રેમી લોકોને એમ કહી દે છે કે એમની અહિંસા કીડીમંકોડી અને બહુ તો પશુપંખી સુધી વ્યાપેલી છે. માનવ જાતને અને દેશભાઈઓને તે બહુ ઓછી સ્પર્શે છે પણ આ વિધાન બરાબર નથી એની સાબીતી માટે નીચેની હકીકત બસ ગણાવી જોઈએ. (૧) જૂના અને મધ્ય કાળને બાજુએ મૂકી માત્ર છેલ્લા સો વર્ષના નાનામોટા અને ભયંકર દુષ્કાળો તેમ જ બીજી કુદરતી આફતો લઈ તે વખતનો ઈતિહાસ તપાસીએ કે તેમાં અન્નકષ્ટથી પીડાતા માનવો માટે કેટકેટલું અહિંસાપોષક સંઘ તરફથી કરવામાં આવ્યું છે, કેટલા પૈસા ખરચવામાં આવ્યા છે, કેટલું અન્ન વ્હેંચવામાં આવ્યું છે! દવાદારૂ અને કપડાં માટે પણ કેટલું કરવામાં આવ્યું છે. દા. ત. છપનો દુષ્કાળ લ્યો કે જેની વીગતો મળવી શક્ય છે. (૨) દુષ્કાળો અને કુદરતી બીજી આફતો ન હોય તેવે વખતે પણ નાના નાના ગામડામાં સુદ્ધાં જો કોઈ ભૂખે મરતું જાણમાં આવે તો તેને માટે મહાજન કે કોઈ એકાદ ગૃહસ્થ કઈ અને કેવી રીતે મદદ પહોંચાડે છે એની વીગત જાણવી. (૩) અર્ધા કરોડ જેટલો ફકીર, બાવા અને સાધુસંતોનો વર્ગ મોટે ભાગે જાતમહેનત વિના જ બીજા સાધારણ મહેનતુ વર્ગ જેટલા જ સુખ અને આરામથી હંમેશા નભતો આવ્યો છે અને નભે જાય છે તે.

આટલો સાચો બચાવ છતાં ઉપર દર્શાવેલ આક્ષેપની પાછળ બે સત્યો સમાયેલાં છે જે બહુ કીંમતી છે અને જેના ઉપર વધારે ધ્યાન આપવાની જરૂર ઉભી થઈ છે. (૧) પહેલું તો એ કે આપણી માનવજાતિ તરફની અહિંસા કે દયા વ્યવસ્થિત કે સંગઠિત નથી એટલે મોટે ભાગે જ્યાં, જેવી રીતે, અને જેટલા પ્રમાણમાં માનવભાઈઓ માટે ખર્ચ કરવાની જરૂર હોય ત્યાં, તેવી રીતે, અને તેટલા પ્રમાણમા સંગીન ખર્ચ કરાતું નથી અને ખર્ચ કરવામાં સાવધાની ચોકસાઈ રખાતાં નથી; તેમજ ઘણીવાર માનવભાઈઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાછળ એવો અને એટલો બધો ખર્ચ થાય છે કે ઉલટો એ ખર્ચ તેમની સેવાને બદલે તેમની હિંસામાં જ ઉમેરાનું કારણ થઇ જાય છે. (૨) અને બીજું સત્ય એ છે કે પ્રાચીન અને મધ્યકાળમાં કદી ઉભી નહિ થયેલી એવી જીવનનિર્વાહની અને ઉદ્યોગની મુશ્કેલ પરિસ્થિતિ આજે ઉભી થઇ છે કે જેમાં સૌથી પહેલાં અને વધારેમાં વધારે મનુષ્યજાતિ તરફ જ લક્ષ અપાવું જોઇએ. ખાસ કરીને જ્યારે પરધર્મી અને પરદેશના ભાઈઓ આપણા દેશમાં આપણા ભાઈઓ માટે શુદ્ધ અહિંસાની નિષ્ઠાથી કે રાજકીય દૃષ્ટિથી, સેવા કરનારી વિવિધ સંસ્થાઓ ચલાવી રહ્યા હોય અને આપણા દેશવાસીઓ જીવનનિર્વાહ તેમ જ બીજી સગવડસર આપણા દેશ તરફથી ઉદાસીન થઈ પરદેશી લોકો તરફ ઢળી જતા હોય, ત્યારે તો દેશની અખંડતા ખાતર અને મુકાબલામાં ટકી રહેવા ખાતર માનવસેવા તરફ સૌથી પહેલું અને સૌથી વધારે વ્યવસ્થિત ધ્યાન આપવાની જરુર ઉભી થાય એ સ્વાભાવિક છે.

આ બે સત્યો ઉપર જ આજની આપણી અહિંસા અને અમારિનું વ્યાવહારિક સ્વરૂપ નક્કી કરી શકાય તેમ છે.

જીવનની તૃષ્ણા હોવી એટલે કે ચલાવી શકાય તે કરતાં વધારે જરુરિયાતો ઉભી કરી તે પુરી પાડવા ખાતર બીલકુલ બદલો આપવાની વૃત્તિ રાખ્યા સિવાય અગર તો ઓછામાં ઓછો બદલો આપીને બીજાઓની સેવા લેવી તે હિંસા. આ વ્યાખ્યા સામાજિક હિંસાની છે તાત્ત્વિક હિંસા તો એથી પણ વધારે સૂક્ષ્મ છે. એમાં કોઇ પણ જાતના થોડામાં થોડા વિકારનો પણ સમાસ થઈ જાય છે. તાત્ત્વિક અહિંસામાં માત્ર સહન અને સહન જ અગર તો ત્યાગ અને ત્યાગ જ કરવાપણું છે. પરંતુ અહીં સામાજિક અને રાષ્ટ્રીય દૃષ્ટિએ અહિંસાનો વિચાર કરવાનો હોવાથી અને તેવી જ અહિંસાની વધારે શક્યતા તેમજ વધારે ઉપયોગિતા હોવાથી આ સ્થળે તે જ અહિંસાનો વિચાર પ્રસ્તુત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહિંસા કે અમારિનાં બે રૂપો છે. (૧) નિષેધાત્મક (નકાર), (૨) તેમાંથી જ ફલિત થતું ભાવાત્મક (હકાર). કોઇને ઈજા ન કરવી કે કોઈને પોતાના દુઃખના તેની અનિચ્છાએ ભાગીદાર ન કરવા એ નિષેધાત્મક અહિંસા છે. બીજાના દુઃખમાં ભાગીદાર થવું અગર તો પોતાની સુખ સગવડનો લાભ બીજાને આપવો એ ભાવાત્મક અહિંસા છે. એ જ ભાવાત્મક અહિંસા દયા અગર તો સેવા તરીકે જાણીતી છે. સગવડ ખાતર આપણે અહીં ઉક્ત બન્ને પ્રકારની અહિંસાને અનુક્રમે અહિંસા અને દયાના નામથી ઓળખાવીશું. અહિંસા એ એવી વસ્તુ છે કે જેની દયા કરતાં વધારેમાં વધારે કીંમત હોવા છતાં તે દયાની પેઠે એકદમ સૌની નજરે નથી ચડતી. દયાને લોકગમ્ય કહીએ તો અહિંસાને સ્વગમ્ય કહી શકાય. જે માણસ અહિંસાને અનુસરતો હોય તે તેની સુવાસ અનુભવે છે. તેનો ફાયદો તો અનિવાર્ય રીતે બીજાઓને મળે જ છે. છત ઘણીવાર એ ફાયદો ઉઠાવનાર સુદ્ધાંને એ ફાયદાના કારણ અહિંસાતત્ત્વનો ખ્યાલ સુદ્ધાં નથી હોતો, અને એ અહિંસાની સુંદર અસર બીજાઓના મન ઉપર પડવામાં ઘણીવાર ઘણો લાંબો વખત પસાર થઈ જાય છે. જ્યારે દયાની બાબતમાં એથી ઉલટું છે. દયા એ એવી છે કે તેને પાળનાર કરતાં ઘણીવાર તેનો લાભ ઉઠાવનારને જ વધારે સુવાસ આવે છે. દયાની સુંદર અસર બીજાઓના મન ઉપર પડતાં વખત જતો જ નથી. તેથી દયા એ ઉઘાડી તરવાર જેવી સૌની નજરે આવે એવી વસ્તુ છે, તેથી તેને આચરવામાં જ ધર્મની પ્રભાવના દેખાય છે.

સમાજના વ્યવસ્થિત ધારણ અને પોષણ માટે અહિંસા તેમજ દયા બન્નેની અનિવાર્ય જરૂર છે. જે સમાજમાં અને જે રાષ્ટ્રમાં જેટલે અંશે બીજા ઉપર ત્રાસ વધારે ગુજરતો હોય, નબળાના હકકો વધારે કચરાતા હોય, તે સમાજ કે તે રાષ્ટ્ર તેટલો જ વધારે દુઃખી અને ગુલામ. તેથી ઉલટું જે સમાજમાં અને જે રાષ્ટ્રમાં એક વર્ગનો બીજા વર્ગ ઉપર, કે એક વ્યક્તિનો બીજી વ્યક્તિ ઉપર જેટલો ત્રાસ ઓછો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અથવા બીજા નબળાના હકકોની જેટલી વધારે રક્ષા તેટલો જ તે સમાજ અને તે રાષ્ટ્ર વધારે સુખી અને વધારે સ્વતંત્ર. એ જ રીતે જે સમાજ અને જે રાષ્ટ્રમાં સબળ વ્યક્તિઓ તરફથી નબળાઓ માટે જેટજેટલો વધારે સુખસગવડનો ભોગ અપાતો હોય, જેટજેટલી તેમની વધારે સેવા કરાતી હોય, તેટલો તે સમાજ અને તે રાષ્ટ્ર વધારે સ્વસ્થ અને વધારે આબાદ. એથી ઉલટું જેટજેટલું વધારે સ્વાર્થીપણું તેટતેટલો તે સમાજ વધારે પામર અને વધારે છિન્નભિન્ન. આ રીતે આપણે સમાજો અને રાષ્ટ્રોના ઈતિહાસ ઉપરથી એક નિશ્ચિત જે પરિણામ તારવી શકીએ છીએ તે એ છે કે અહિંસા અને દયા એ બન્ને જેટલાં આધ્યાત્મિક હિત કરનારાં તત્ત્વો છે તેટલાં જ તે સમાજ અને રાષ્ટ્રનાં ધારક અને પોષક તત્ત્વો છે.

એ બન્ને તત્ત્વોની જગતના કલ્યાણાર્થે એક સરખી જરુરિયાત હોવા છતાં અહિંસા કરતાં દયા જીવનમાં લાવવી કાંઈક સહેલ છે. અંતર્દર્શન વિના અહિંસા જીવનમાં ઉતારી શકાતી નથી, પણ દયા તો અંતર્દર્શન વિનાના આપણા જેવા સાધારણ લોકોના જીવનમાં પણ ઉતરી શકે છે.

અહિંસા એ નકારાત્મક હોવાથી બીજા કોઇને ત્રાસ આપવાના કાર્યથી મુક્ત થવામાં જ આવી જાય છે, અને એમાં બહુ જ બારિકીથી વિચાર ન પણ કર્યો હોય છતાં એનું અનુસરણ વિધિપૂર્વક શક્ય છે, જ્યારે દયાની બાબતમાં એમ નથી. એ ભાવાત્મક હોવાથી અને એના આચરણનો આધાર સંયોગો તેમજ પરિસ્થિતિ ઉપર રહેલો હોવાથી, એને પાળવામાં વિચાર કરવો પડે છે, બહુ જ સાવધાન રહેવું પડે છે, અને બહુ જ દેશકાળની સ્થિતિનું ભાન રાખવું પડે છે.

અહિંસા અને દયા બન્નેની પાછળ સિદ્ધાંત તો આત્મૌપમ્યનો છે, એટલે તત્ત્વની દૃષ્ટિએ કોઈ પણ ક્ષુદ્રમાં ક્ષુદ્ર કે મોટામાં મોટા જીવના પ્રત્યે આચરવામાં આવતી અહિંસા કે દયાનું પરિણામ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમાન જ છે, તેમ છતાં આપણે સામાજિક અને સ્થૂળ ભૂમિકાના લોકો છીએ, આપણે આપણા કર્તવ્ય અને આચરણનો પડઘો સાંભળવા હંમેશાં આપણા પોતાના કાન ઉઘાડા રાખીએ છીએ અને જે કર્યું તેની લોકો ઉપર શી છાપ પડી અથવા લોકો ઇચ્છે તેમ આપણે આચર્યું કે નહિ એમ જાણવા હમેશાં ઇંતેજાર હોઇએ છીએ, એટલે કે આપણે વ્યાવહારિક ધર્મનું અનુસરણ પહેલાં કરીએ છીએ. વળી આપણે આપણા સમાજ અને કુલધર્મની બીજાઓ પાસે વધારે કીંમત અંકાવવા ઇચ્છીએ છીએ. આ કારણથી બીજી કોઇપણ જીવ જાતિ કરતાં મનુષ્યજાતિ તરફ અહિંસા ને દયાનો હાથ લંબાવવાની આપણને જાણે અજાણે કે ઇચ્છાએ અનિચ્છાએ પહેલી ફરજ પડે છે. તમારી સામે ત્રણ માણસો છે એવી કલ્પના કરો. એક જણ ગરોળીના શીકારી પંજામાંથી સેંકડો માખોને બચાવે છે અગર તો કાબરની કઠોર ચાંચમાંથી હજારો કીડા મકોડાને બચાવે છે. બીજો બગલાની ચાંચમાંથી માછલાંઓને અગર તો શીકારીની જાળમાંથી હરણોને છોડાવે છે. ત્રીજો કોઇ લૂંટારા કે ખૂનીના પંજામાં સપડાયેલ એક માનવભાઈને બચાવે છે. આ ત્રણે દશ્યો તમારી સામે હોય તેમાં છેલ્લા કરતાં પાછલાઓમાં જ ઉત્તરોત્તર વધારે અને વધારે જીવોનો બચાવ થાય છે એ દેખીતું છે. છતાં તમારા ઉપર એ ત્રણમાંથી કોની વધારે સારી અસર થશે? એટલે કે તમે એ ત્રણે દયાળુ વ્યક્તિઓમાં કોને શ્રેષ્ઠ કહેશો? અથવા તો કોની દયાની વધારે કીંમત આંકશો? હું ધારૂં છું દરેક જણ વગર સંકોચે મનુષ્યને બચાવનાર વ્યક્તિને જ વિશેષ દયાળુ કહેવાનો. આ દલીલ ઉપરાંત બીજી પણ કેટલીક એવી દલીલો છે કે જે મનુષ્ય જાતિ તરફ સૌથી પહેલું લક્ષ ખેંચવાની તરફેણ કરે છે. (૧) મનુષ્ય પોતે સ્વસ્થ અને સાધનસંપન્ન હોય તો તે પોતાની જાતિ ઉપરાંત બીજી જીવ જાતિઓની પણ ખૂબ સેવા કરી શકે છે. જ્યારે મનુષ્ય સિવાયનું કોઇ પ્રાણી તેમ કરવા અસમર્થ છે. (૨) મનુષ્ય એ બીજા કોઈ પણ જીવધારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરતાં વધારે વિચાર અને વર્તનવાળો હોવાથી, તેમજ એની શક્તિઓનો ઉપયોગ કરવાની સ્વતંત્રતા એનામાં સૌ કરતાં વધારે હોવાથી તે જેમ વધારેમાં વધારે બીજાઓને હેરાન કર્તા થઈ શકે છે તેમ બીજા કોઇ પણ જીવધારી કરતાં બીજાઓને માટે તે વધારે કલ્યાણકારક પણ નીવડે છે. એટલો વિકાસશીલ હોવાથી જ મનુષ્ય એ, સૌથી પહેલાં દયા અને સેવા મેળવવાનો અધિકારી છે. મનુષ્ય જેટલો પોતાના જીવનનો વ્યાપક અને સરસ ઉપયોગ બીજું કોઈ પણ પ્રાણી કરી શકતું નથી. (૩) મનુષ્યની સંખ્યા બીજા કોઇ પણ જીવધારીઓ કરતાં ઓછી જ હોય છે, કારણકે હંમેશાં વિકાસશીલ વર્ગ નાનો જ હોય છે. આટલો નાનકડો વર્ગ જો સુખી અને સમાધાનવાળો ન હોય તો ગમે તેટલી રાહત અને મદદ આપ્યા છતાં પણ બીજા જીવધારીઓ કદી સ્વસ્થ અને સુખી રહી ન શકે. એટલે કે મનુષ્ય જાતિની સુખશાંતિ ઉપર જ બીજા જીવોની સુખશાંતિનો આધાર છે.

આ કારણોથી આપણે આપણી દયાનો ઝરો દરેક જંતુ ઉપર ભલે ચાલુ રાખીએ તેમ છતાં વધારેમાં વધારે અને સૌથી પહેલાં માનવભાઈઓ તરફ જ એ વહેતો રાખવો જોઈએ અને માનવભાઇઓ-માં પણ જે આપણી પડોશમાં હોય, જે આપણા જાતભાઇઓ કે દેશવાસીઓ હોય તેના તરફ આપણો દયાસ્રોત પહેલો વહેવડાવવો જોઇએ. જો આ વિચારસરણી સ્વીકારવામાં અડચણ ન હોય તો કહેવું જોઇએ કે આપણી અહિંસા ને દયા એ બન્નેનો ઉપયોગ અત્યારે આપણા દેશવાસીઓ માટે જ થવો ઘટે. આનું એક ખાસ કારણ એ છે કે આપણે રાજકીય પરતંત્રતામાં છીએ, અને પરતંત્ર પ્રજામાં સ્વતંત્ર ધર્મ કદી પોષાઇ શકતો જ નથી. જ્યારે મન, વચન અને શરીર એ ત્રણે ગુલામીમાં રંગાયાં હોય, નિર્ભયપણે મન વિચાર કરવા ના પાડતું હોય, કરેલ નિર્ભય વિચાર ઉચ્ચારવામાં અર્થાત્ બીજાઓને કહેવામાં વચન ઉપર અંકુશ મૂકાતો હોય, અને પવિત્રમાં પવિત્ર તેમજ એકાંત હિતકારક કેફી પીણાંનો ત્યાગ કરાવવા જેવી વાચિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને શારીરિક પ્રવૃત્તિ ઉપર રાજદંડ પોતાનું બિહામણું મોઢું ફાડી ઉભો હોય, સ્વતંત્ર આત્માનાં બધાં જ વહેણો રાજભયથી અને શંકાના વાતાવરણથી થંભી ગયા હોય ત્યાં શુદ્ધ ધર્મ જેવી વસ્તુનો સંભવ જ રહેતો નથી. તેથી શુદ્ધ ધર્મની દૃષ્ટિએ પણ રાજકીય ગુલામી દૂર કરવા ખાતર સૌથી પહેલાં આપણા દેશવાસી ભાઇઓને જોઇતી મદદ આપવા તરફ જ સર્વ પ્રથમ લક્ષ અપાવું જોઇએ અને આપણા બધાની મદદ આપવાની સર્વશક્તિ, દેશની ગુલામી દૂર કરવામાં વપરાવી જોઇએ. એ જ અત્યારની આપણી અમારિ (અહિંસા) છે. જો આપણે રાજકીય ગુલામીમાં ન હોઈએ તો આપણા દેશમાં દિન ઉગે લાખો દૂધાળ અને ખેતી ઉપયોગી પ્રાણીઓનો નાશ થાય છે તે થાય જ નહિ. આપણે આપણી ઇચ્છા પ્રમાણે દેશની વ્યવસ્થા કરી શકીએ અને કોઈ પણ વર્ગને ગુલામીમાં રાખ્યા સિવાય જેટલી વ્યવહારમાં શકય હોય તેટલી સૌને સ્વતંત્રતા આપી શકીએ.

હવે છેલ્લે જોવાનું એ રહે છે કે ત્યારે કઈ રીતે અને કયા કયા ક્ષેત્રમાં આપણી દયા દેશવાસીઓમાં વ્હેંચાવી જોઈએ. આ બાબતનો નિર્ણય કરવાનો આધાર આજની આપણી દેશદશા ઉપર રહેલો છે. કયું કયું અંગ નબળું છે અને કયું કયું અંગ પોષણ માગે છે તેમ જ કયા અંગમાં વધારે પડતો ભરાવો થવાથી સડાણ ઉભું થયું છે એ તપાસીને જ આપણી સખાવતોનો અને બુદ્ધિ તેમજ શક્તિનો ઉપયોગ કરવો જોઇએ.

(૧) ખેડૂતો, મજૂરો, આશ્રિત નોકરો અને દલિતવર્ગ એ બધા પોતાના પરસેવાના ટીપાના પ્રમાણમાં કશું જ નથી પામતા. ઉલટું તેમના લોહીનું છેલ્લું ટીપું તેમના ઉપર કાબુ ધરાવનાર જ ચૂસી લે એવી દશા વર્તે છે. (૨) ઉદ્યોગ ધંધા અને કળાહુન્નર ભાંગી પડવાથી તેમજ નિરાધાર થઈ જવાથી તેના ઉપર નભતા કારીગરવર્ગ અને બીજા વર્ગોની પોતાના જ દેશમાં જુવાની છતાં ઘડપણ જેવી પાંગળી સ્થિતિ થઈ ગઈ છે. (૩) ભણેલ, ગણેલ અને વકીલાત,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નોકરીઆત જેવાં કામ કરનાર બુદ્ધિજીવી લોકોની એકતરફી બેઠમલિયા તાલીમથી તેમનામાં આવેલી અસાધારણ માનસિક નબળાઈ અને અસંતોષની વૃત્તિ (૪) ફકીર, બાવા તથા પંડિત પુરોહિતો અને રાજા મહારાજાઓના જઠરમાં જોઇએ તે કરતાં વધારેમાં વધારે પડતા હવિને લીધે તેમની આળસી, કેફી અને બીજાને ભોગે જીવવાની વૃત્તિ. આ રીતે આર્થિક વ્હેંચણીની વિષમતાને લીધે રાષ્ટ્રના અંગોમાં નબળાઈ અને સડો આવી ગયેલો છે. એ નબળાઇ અને સડો દૂર કરવામાં જ એટલે જે અંગમાં લોહીની જરુર હોય ત્યાં તે પૂરવામાં અને જ્યાં વધારે જામી સ્થિર થઈ ગયું હોય ત્યાંથી તેને ગતિમાન કરી બીજી જગોએ વહેવડાવવામાં જ આજની આપણી દયા કે અમારિની સાર્થકતા છે. પજુસણ જેવા ધર્મદિવસોમાં તેમજ બીજા સારે નરસે પ્રસંગે આપણો દાનપ્રવાહ કસાઈખાને જતાં ઢોરાઓના બચાવવામાં અને એ ઢોરાંઓના નભાવમાં વહે છે. એ જ રીતે ગરીબગરબાંને પોષવામાં તેમજ અનાથ અને અપંગોને નભાવવામાં અને સાધાર્મિક ભાઇઓની ભકિત-પ્રતિપત્તિ કરવામાં તેમ જ એવી બીજી બાબતોમાં આપણે છુટુંછવાયું અને વ્યવસ્થિત રીતે પુષ્કળ ધન ખરચીએ છીએ. આ દાનપ્રવાહ અને સખાવતની પાછળ રહેલ ઉદારતા અને બીજાનું ભલું કરવાની સદ્‌વૃત્તિ, એ બે તત્ત્વ બહુ કીંમતી છે. તેથી એ બે તત્ત્વો કાયમ રાખીને બલ્કે વધારે વિકસાવીને આપણે દેશકાળની પરિસ્થિતિ પ્રમાણે દાન અને સખાવતનું સ્વરૂપ બદલવું જોઈએ. આ ફેરફારની શરત એટલી જ હોવી જોઇએ કે તે ફેરફાર દ્વારા જૂની રીત કરતાં વધારે પ્રમાણમાં અને વધારે વ્યાપક રીતે રાષ્ટ્રનું પોષણ થવું જોઈએ. આ દૃષ્ટિથી વિચારતાં આપણી સામે અત્યારે પહેલો સ્વદેશી ધર્મ આવે છે. જે પ્રથમ બતાવેલ ચાર મુદ્દા પૈકી બીજા મુદ્દા સાથે ખાસ સંબંધ ધરાવે છે.

આપણા દેશમાં બધું પાકવા છતાં પાકો માલ પરદેશથી જ આવે છે. અહીંના પડી ભાંગેલા ઉદ્યોગ, ધંધા અને કળાહુન્નરને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણા વિના બીજા કોઇ દેશનો માણુસ સજીવન નહિ કરે. આપણા દેશની વસ્તુઓ બીજા દેશના લોકો નહિ વાપરે. યુરોપ અને અમેરિકાના લોકો એટલું જીવનતત્ત્વ સમજી ગયા છે કે તેઓ પોતાના દેશવાસીઓને નુકસાન થાય એવું કશું જ નહિ કરે. એટલે તમારો પાકો માલ તેઓ નહિ જ લે; ત્યારે આપણો માલ આપણે ન ખરીદીએ તો આપણા દેશમાં માલ પેદા જ કેવી રીતે થઇ શકે? અને થતો હોય તો એ નભી કેવી રીતે શકે? એક બાજુ સ્વદેશી ખરીદવાની આપણી ઉદાસીનતા, અને બીજી બાજુ રાજ્યકર્તાઓ તેમજ બીજા પરદેશી વ્યાપારીઓ તરફથી આપણો ધંધો કચરાઇ જાય તેવી થતી બધી જ હીલચાલો. આ બે કારણથી આપણો ધંધો જાગે જ કેવી રીતે? અને જો દેશમાં ઉદ્યોગ કે ધંધો ન જાગે તો આપણે દાન અને સખાવતથી હંમેશાં આપણા દેશના કરોડો માણસોને કેવી રીતે અને કેટલા વખત સુધી નભાવી શકવાના? દાન અને સખાવત એ તો માત્ર મલમપટા જેવું છે; મલમપટાની જરુર હોય છે, પણ જ્યારે શરીરમાંથી લોહી જ ચૂસાતું અને નીચોવાતું હોય ત્યારે પહેલાં તો એ લોહી ભરેલું કાયમ રહે એવી વ્યવસ્થા કરવી જ આવશ્યક છે. હિંદ માતૃભૂમિના શરીરની એકેએક નસમાંથી આજે લોહી વહી જાય છે અને શરીર ખાલી પડી નિસ્તેજ થઈ ગયું છે. એ વહી જતું લોહી અટકાવી તાજું લોહી ભરવું આપણા હાથમાં છે. એક માણુસ લાખો રૂપીઆની મોટામાં મોટી સખાવત કરે અને બીજી બાજુ તે જ માણસ ફર્નિચરમાં, લુગડાલત્તામાં, વાસણ કુસણમાં અને બીજી એવી નાની મોટી હજારો ચીજોમાં લાખો રૂપીઆ હમેશને માટે પરદેશમાં મોકલ્યા કરે તો એની એ સખાવત આજે બહુ કીમતી નથી, અથવા એમ કહો કે એને સખાવત અને પરદેશીત્યાગ એ બેમાંથી માતૃભૂમિની સેવા માટે એકની જ પસંદગી કરવાની હોય તો આજે પરદેશીત્યાગ અને સ્વદેશીનો સ્વીકાર એની જ પસંદગી લાભદાયક લેખાશે, કારણ કે તે માણુસ મોટામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોટું દાન આપે તો પણ તે અમુક વખતે જ અને અમુક કામ પુરતું જ આપી શકે. બધા ક્ષેત્રમાં એની વ્હેંચણી થઈ ન શકે. જ્યારે એ માણસ સ્વદેશીખરીદ અને પરદેશીના ત્યાગ મારફત બધાં જ ક્ષેત્રોમાં અને હમેશને માટે દેશને મદદ કરી શકે. પરદેશીના ત્યાગમાં અને સ્વદેશીના સ્વીકારમાં જેમ શોખ ઉપર અંકુશ મૂકાય છે તેમ નકામા ખર્ચ ઉપર પણ અંકુશ મૂકાય છે. શરૂઆતમાં અમુક ચીજો વિના ચલાવવું પડશે, રફ ચીજો પણ લેવી પડશે, કીંમત પણ વધારે બેસશે; ઘણીવાર ચીજ મેળવવામાં મુશ્કેલી પણ પડશે; પરંતુ આ બધું છતાં દેશવાસી કરોડો ભાઈઓના પેટમાં હંમેશાં અન્ન પહોંચાડવા ખાતર આપણે સ્વદેશી ખરીદે જ છુટકો છે, અને પરદેશી વસ્તુઓનો બહિષ્કાર કરવામાં જ આપણા દેશવાસીઓની અમારિ આવી જાય છે. પરદેશી માલના વેપારમાંથી આપણા દેશના લોકો નફો મેળવે છે, અને એ નફામાંથી કેટલાક જણ સારા કામોમાં સખાવતો કરે છે એ વાત સાચી, પણ એવા વ્યાપારમાં દેશના એક ટકા જેટલા માણસો પણ ભાગ્યે જ કમાનાર હોય છે. એથી ઉલટું સ્વદેશી વ્યાપાર ખીલે તો ઘરોઘર ધંધો ચાલે, પ્રમાણ ઓછું છતાં બધા જ વ્યાપારીઓ ઘેર બેઠાં કમાય, કરોડો ગમે ધંધાર્થીઓ ધંધે લાગી જાય અને ઉદ્યોગી વર્ગ તેમજ તે ઉપર નભતા વ્યાપારી વર્ગની નસમાં તાજું લોહી ભરાઈ જાય. તેથી આજનો અમારિ ધર્મ આપણને સ્વદેશી ધર્મ શીખવાડે છે. જ્યારે દેશની અંદર ધંધાની ખોટ ન હતી, સામાન્ય રોતે કોઇને અન્ન વસ્ત્ર મેળવવાની ફરિયાદ ન હતી, ત્યારે આપણી અમારિએ કતલખાનાં અને કસાઇખાનામાં કામ કર્યું તે વ્યાજબી જ થયું છે. તે વખતે ગરીબ ગરબાંને પ્રાસંગિક મદદ અપાતી તે પણ વ્યાજબી જ હતું. પરંતુ આજે તો આખો કારીગરવર્ગ અને તે ઉપર નભતો બીજો મધ્યમ વર્ગ જ ગરીબ અને કંગાલ થઈ ગયો છે, એને જુવાનીમાં ધોળાં આવ્યાં છે, તે વખતે આપણે અમારિની સખાવતો ગમે તેટલી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ પણ કેટલી કરીશું, અને કેટલા માણસોને કેટલા વખત સુધી નભાવી શકીશું? એટલે જ એ સખાવતોનો પ્રવાહ ઉદ્યોગધંધા સ્થાપવામાં, તેમ જ ચાલુ હોય તેને નભાવવામાં વહેવરાવવો જોઈએ. વળી કાંઈ અમારિ એવી વસ્તુ નથી કે તેને મોટામોટા ધનવાનો જ કરી શકે. આજે તો અમારિનું સ્વરૂપ એવું છે કે દરેક માણસ એ ધર્મ બજાવી શકે. જેણે હંમેશ વાપરની ચીજો દેશની જ ખરીદી, અને દરવર્ષે દેશમાં દશ રૂપીઆ રાખ્યા, તેણે નફાના દશબાર આના જ નહિ પણ એ ચીજના ઉત્પાદક કારીગરવર્ગને મહેનત પૂરી પાડી મહેનતાણામાં બે રૂપીઆ તો આપ્યા જ. આ રીતે એક એક માણસની નાની નાની અમારિ લઈએ તો લાખો માણસની અમારિનું કેવડું મોટું પ્રમાણ થાય? અને એ પ્રમાણ એક માણસની એકાદ વખતની લાખોની સખાવત કરતાં કેટલું વધી જાય એ વિચારવાની જરુર છે; તેમ છતાં કાંઈ આપણે મોટી સખાવતો જતી કરવાના નથી. અપંગ, તદ્દન અનાથ અને બીજા એવા કેટલાક લોકો માટે હંમેશાં એવી સખાવતોની જરુર રહેશે. પણ આજે જ્યારે આખો દેશ અપંગ અને અનાથ નહિ છતાં ઉદ્યોગધંધાને અભાવે અપંગ અને અનાથ જેવો થઈ ગયો હોય, અને ઉદ્યોગધંધો મળતાં જ પાછો પગભર થઈ શકે એવો સંભવ હોય, ત્યારે આપણે શું કરવું જોઈએ, એ જ પ્રશ્ન છે અને એનો ઉત્તર સ્વદેશીખરીદમાં અમારિ ધર્મ આવી જવાની સમજમાં સમાયેલો છે.

હવે આપણે ખેડૂતવર્ગ વિગેરેના પહેલા મુદ્દાને લઈ તે ઉપર અમારિ ધર્મનો વિચાર કરીએ. ચાર માણસ કલ્પનામાં રાખો. એક કદી અમારિ ધર્મ માટે કોઈ મોટી રકમ અલાયદી કહાડી જાહેર કે ખાનગી સખાવત નથી કરતો; પણ પોતાની જમીન ખેડતા ખેડૂતોને જ પોતાના હાથપગ સમજી એને એની મહેતનનો પુરો બદલો આપે છે. પોતાને માલિક માની અને ખેડૂતને માત્ર કામગરો માની પોતાની કીંમત, સત્તા અને જરુરિયાત ખેડૂત કરતાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વધારે આંકી, તેને ચૂસતો નથી. બીજો માણસ પણ તેવો જ સમભાવી છે, જે પોતાના તાબેના મજૂરોને પોતાનાં ફેફસાં જેવાં ગણી તેના કરતાં પોતાને ચડિયાતો કે જુદો નથી ગણતો, તેમને તેમની મજૂરી આપતાં જરાપણ અન્યાય કે શોષણ નથી કરતો. ત્રીજો માણસ પોતાના આશ્રિત નોકરોને જ પોતાનું જીવન લેખી તેમનાથી અતડો કે જુદો નથી પડતો. પોતાને માટે એક, અને આશ્રિતોને માટે બીજું એવો ભેદ નથી રાખતો. એક ચણાની સરખી બે ફાડ કરીને જ આશ્રિતો સાથે વ્હેંચણીનું તત્ત્વ રાખે છે. ચોથો માણસ ગમે તેટલો ઉચ્ચ વર્ણનો મનાતો હોય છતાં એનો બધો જ વ્યવહાર દલિતવર્ગ સાથે સમાન છે, એ દલિતવર્ગને દબાવી કામ નથી કાઢી લેતો, પણ તેને તેના કામના બદલામાં પુરતું આપે છે. આ ચારે માણસો કોઈ નાનીમોટી રકમ જાહેર કે ખાનગી અલાયદી કાઢી સખાવત નથી કરતા. તેથી ઉલટું બીજા ચાર માણસો આવી સખાવતો કરનારા છે, દુનિયામાં દાની તરીકે જાણીતા છે. પણ એમનો પોતાના ખેડૂતો, મજૂરો, આશ્રિતો અને દલિતો સાથે એવો વ્યવહાર છે કે જેમાં તેઓ તેમની સાથેની લેવડદેવડમાં બને તેટલું સામાનું ચૂસે છે. આ બન્ને ચિત્રો તમારી સામે હોય તો તમે સખાવત નહિ કરનાર પેલા ચાર માણસોને ખરો અમારિ ધર્મ પાળનાર કહેશો કે પાછલા ચાર જણને? દુનિયાના શબ્દો ઉપર ન્યાયનું ધોરણ ઘણીવાર નથી હોતું. દુનિયા સ્થૂળદર્શી હોય છે. તાત્કાલિક મોટા કૃત્યથી તે અંજાઈ જાય છે, અને ઝટપટ અભિપ્રાય ઉચ્ચારી દે છે. એક સાથે જાહેરમાં અમુક સખાવત કરનાર માણસના દાનની રકમથી અંજાઈ માણસો કહી દે કે એ તો ભારે ધાર્મિક છે. પણ ધાર્મિકતાનું ખરૂં અને છેલ્લું ધોરણ તો એના જીવનવ્યવહારમાં હોય છે. એટલે જોવું જોઈએ કે એવી મોટી સખાવત કરનાર પૈસા કઈ રીતે એકઠા કરે છે, અને એનો પોતાના સાથીઓ તેમજ પોતાના તાબેદાર સાથે આર્થિક વ્હેંચણીમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ા વ્યવહાર રાખે છે? એ વ્યવહારમાં જો એ માણુસ મારવાડીવ્યાજ તા હોય અને આખાં કોળાં હડપતો હોય તો એની સખાવતો મારિ ધર્મ નહિ કહેવાય. તેથી આજનો અમારિ ધર્મ આપણુને નવ્યવહારમાં આપણા સંબંધમાં આવનાર સાથે આર્થિક વ્હેંચણી વામાં સમાનતા અને આત્મીયતાનો પાઠ શીખવે છે. એ વિનાનો મારિ ધર્મ કલ્યાણ સાધી નહિ શકે. જૈન ધર્મ તો એ જ માનતાની શીક્ષા આપે છે.

આ રીતે પહેલા અને બીજા મુદ્દા પરત્વે અમારિ ધર્મનો ચાર કર્યા પછી ત્રીજા મુદ્દા પરત્વે જુદો વિચાર કરવાનું ભાગ્યે જ છે. સ્વદેશીને ઉત્તેજન આપવાથી દેશનો ઉદ્યોગધંધો સ્થિર થયો ને વ્યાપારી તેમજ બીજા માલિકોદ્વારા આર્થિક વ્હેંચણીમાં માનતાનું તત્ત્વ દાખલ થયું એટલે પ્રજાનો મોટો ભાગ શક્ત થયો, ને એમ થાય એટલે બુદ્ધિજીવી વર્ગની માનસિક નબળાઈ અને સંતોષ નહિ રહેવાના. આજે એ વર્ગ સરકાર દરબારની કરીચાકરીની હૂંફ માટે તલસે છે, એ વિના એને બીજો ત્રાણોપાય ાતો નથી. પણ દેશની સામાન્ય આબાદી વધતાં અને ધંધોધાપો ર થતાં જ સ્વતંત્રતાની ભાવના જાગવાથી એ વર્ગને પોતાની બુદ્ધિ ામી પોષવામાં ખર્ચાય એ ભારે વસમું લાગશે, અને એ આપ ો જ દેશદ્રોહી કામમાં સાથ આપવો છોડી દઈ, દેશકાર્યમાં જ થ આપશે. એટલે એક બાજુ અમારિ ધર્મ અત્યારના ગરીબોને ત બનાવશે અને બીજીબાજુ એ બુદ્ધિજીવી મધ્યમવર્ગને દેશઘાતક જતંત્રમાંથી ભાગ લેતાં રોકી સ્વતંત્ર બનાવશે.

છેલ્લો અને ચોથો મુદ્દો ખાસ વિચારણીય છે. એના પરત્વે મારિ ધર્મનો વિચાર લાગુ પાડતાં જ જ્વાળામુખી ફાટવાનો કે રતીકંપ થવાનો ભય છે. જે રાજાઓ પોતાને વારસામાં મળેલ ને પોતાની અંગત આવકનું સાધન માનતા હશે, અને જેમના નમાં મોજશોખ સિવાય બીજું તત્ત્વ જ નહિ હોય; પ્રજામાત્રનું



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુરું પેટ ભરાયા સિવાય પોતાને ખાવાનો હક્ક નથી, પોતાની પ્રજાનો એક પણ માણસ દુઃખી કે નિરાધાર હોય ત્યાંસુધી સુખ કે ચેનમાં રહેવાનો તેનો ધર્મ નથી, એવું જે રાજાઓને ભાન ન હોય તેઓને એવું ભાન કરાવવા માટે અમારિ ધર્મની કડવી ગોળી આપતાં જ તેઓની આંખ લાલચોળ થવાની અને તેઓનાં હથિયારો આપણી વિરુદ્ધ ખણખણવાનાં. અમારિ ધર્મ એ કાંઈ દાન કે સખાવતનું નામ નથી, પણ એ તો મરતા અને કચરાતાને બચાવનાર ધર્મનું નામ છે. જેમ ઘણી વાર કોઈને કાંઈ આપીને બચાવી શકાય છે, તેમ ઘણી વાર કોઈને કાંઈ અપાતું હોય તે બંધ કરીને પણ તેને; અને બીજા ઘણાને બચાવી શકાય છે. રાજા બળજબરીથી પોતાની પ્રજાને પીડતો હોય, પ્રજાના સુખ દુઃખથી છુટો પડી ગયો હોય, ત્યારે તેજસ્વી અને બુદ્ધિમાન માણસોનું કામ તે રાજાની સત્તા બુઠી કરી નાખવાનું હોય છે. તેની સત્તા બુઠી કરવી એટલે તેને કરવેરો ન ભરવો, તેના ખજાનામાં ભરણું ન ભરવું, એ છે. એમ કરીને એ રાજાની સુધબુધ ઠેકાણે આણી એટલે તેનું પોતાનું અને તેની બધી પ્રજાનું કલ્યાણ થવાનું. એક જગોએ બધું ધન એકઠું થઈ એક માણસના તરંગ પ્રમાણે ખર્ચાતું અટકે અને બધાના જ લાભમાં સરખી રીતે ખર્ચાય એવી સ્થિતિ લાવવામાં દેખીતી રીતે કાંઈ આપવાપણું ન હોવા છતાં, ખરી રીતે એમાં પણ તેજસ્વી અમારિ ધર્મ આવી જાય છે. એટલે અમારિ ધર્મનું તાત્ત્વિક સ્વરૂપ એવું છે કે તેમાંથી જેમ ગરીબો અને અશક્તોને સખાવતોદ્વારા પોષણ મળે. જેમ મજૂરો અને આશ્રિતોને સમાન વ્હેંચણીદ્વારા પોષણ મળે, તેમજ રાજા પાસે અર્થચૂસકનીતિ બંધ કરાવવાદ્વારા તેની બધી જ પ્રજાનું પોષણ પણ થાય અને સાથે સાથે એ રાજાને પોતાની ફરજનું ભાન થઈ તેનું જીવન એશઆરામમાં એળે જતું અટકે.

જેમ અન્યાયી રાજા પ્રત્યે તેમજ પંડિત પુરોહિતો અને બાવા ફકીર અને ધર્મગુરુઓ પ્રત્યે પણ આપણો અમારિ ધર્મ એ જ વસ્

શીખવે છે. તે કહે છે કે જો પંડિત પુરોહિત અને બાવા ફકીરોનો વર્ગ પ્રજા સામાન્ય ઉપર નભતો હોય તો તેની ફરજ પ્રજાની સેવામાં પોતાનું લોહી નીચોવી નાખવાની છે. એ વર્ગ એક ટંક ભૂખે ન રહી શકે અને તેના પોષક અનુગામી વર્ગમાં કરોડો માણસોને એકવાર પુરૂં ખાવાનું ન મળે એ સ્થિતિ અસહ્ય હોવી જોઈએ. પંડિત અને ગુરુ વર્ગને જોઈએ તે કરતાં દશગણાં કપડાં મળી શકે અને તેના પગમાં પડતા અને તેના પગની ધૂળ ચાટતા કરોડો માણસોનાં ગુહ્યઅંગ ઢાંકવા પણ પુરતાં કપડાં ન હોય, તેઓ શિયાળામાં કપડાં વિના ઠરી અને મરી પણ જાય. પંડિત પુરોહિતો અને ત્યાગિવર્ગને માટે મહેલો હોય અને તેમનું પોષણ કરનાર, તેમને પોતાને ખભે બેસાડનાર કરોડો માણસોને રહેવા, સામાન્ય આરોગ્યકારી ઝુંપડાં પણ ન હોય એ સ્થિતિ અસહ્ય છે. પહેલો વર્ગ તાગડધિન્ના કરે અને બીજો અનુગામી વર્ગ એના આશીર્વાદ મંત્રો મેળવવામાં જ સુખ માને એ સ્થિતિ હંમેશાં નભી ન શકે, એટલે જો આપણે ખરો અમારિ ધર્મ સમજીએ અને તેનો ઉપયોગ જુદે જુદે પ્રસંગે કેમ કરી શકાય એ જાણી લઈએ તો જેમ અન્યાયી રાજા પ્રત્યે, તેમ સેવાશૂન્ય પંડિત પુરોહિતો અને બાવા ફકીરો પ્રત્યે પણ આપણી ફરજ તેમનું પોષણ અટકાવવાની ઉભી થાય છે. એમ કરી તેઓને સેવાનું અને પોતાની જવાબદારીનું ભાન કરાવવું એ જ આ કડવી ગોળીનો ઉદ્દેશ હોવો જોઈએ. જ્યારે તેઓ પોતાને મળતા પોષણના બદલામાં પ્રાણ પાથરવાની જવાબદારી સમજી લે, તેમની બધી જ શક્તિઓ દેશ માટે ખરચાય; દેશનું ઉત્થાન–સામાન્ય જનતાની જાગૃતિ–તેમને શાપરૂપ ન લાગે, તેઓ પોતે જ આપણા આગેવાન થઈ દેશને સાથ આપે, ત્યારે તેઓ આપણા માનપાન, દાન અને ભેટના અધિકારી થાય. એમ ન થાય ત્યાં સુધી એવા એદી વર્ગને પોષવામાં તેમની અને આપણી બન્નેની હિંસા છે. એ હિંસાથી બચવું તે આજનો અમારિ ધર્મ શીખવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મ માત્રની બે બાજુ છે. એક સહકારની અને બીજી અસહકારની. અમારિ ધર્મની પણ બે જ બાજુ છે. જ્યાં જ્યાં પરિણામ સારું આવતું હોય ત્યાં ત્યાં બધી જાતની મદદ આપવી એ અમારિ ધર્મની સહકાર બાજુ છે, અને જ્યાં મદદ આપવાથી ઉલટું મદદ લેનારને નુકસાન થતું હોય અને મદદનો દુરુપયોગ થતો હોય ત્યાં મદદ ન આપવામાં જ અમારિ ધર્મની બીજી બાજુ આવે છે. મેં જે સેવા નહિ કરનાર, બદલો નહિ આપનાર અને સમાજ તેમજ રાષ્ટ્રની પ્રગતિમાં આડે આવનાર વર્ગને મદદ ન આપવાની વાત કહી છે તે અમારિ ધર્મની બીજી બાજુ છે. એનો ઉદ્દેશ એવા વર્ગમાં ચૈતન્ય આણવાનો છે, એ વસ્તુ ભૂલાવી ન જોઈએ; કારણ કે એ વર્ગ પણ રાષ્ટ્રનું અંગ છે. તેને જતું કરી શકાય નહિ. તેને ઉપયોગી બનાવવાની જ વાત છે.

## હેમચંદ્ર અને હીરવિજય કેમ થવાય.

આજના જૈનો સામે અમારિ ધર્મના ખરા ઉદ્યોતકાર તરીકે બે મહાન્ આચાર્યો છે. એક હેમચંદ્ર અને બીજા હીરવિજય. આ બે આચાર્યોના આદર્શ એટલા બધા આકર્ષક છે કે તેનું અનુકરણ કરવા ઘણા ગુરુઓ અને ગૃહસ્થો મથે છે. એ દિશામાં તેઓ ઘણો પ્રયત્ન કરે છે, જગો જગોએ ફંડો થાય છે, પશુઓ અને પંખીઓ છોડાવાય છે, હિંસા અટકાવવાનાં ફરમાનો કઢાવાય છે. લોકોમાં પણ હિંસાની ઘૃણાના સંસ્કારો પુષ્કળ છે. આ બધું છતાં આજનો હેમચંદ્ર અને આજનો હીરવિજય થવા માટે જે દિશા લેવાવી જોઈએ તે દિશાનો વિચાર સુદ્ધાં કોઈ જૈન ગૃહસ્થે કે ત્યાગીએ કર્યો હોય તેમ દેખાતું નથી. તેથી જ લાખો રૂપીઆના ફંડો ખર્ચાવા છતાં અને બીજા અનેક પ્રયત્નો જારી છતાં, હિંસાના મૂળ ઉપર કુઠાર પડ્યો નથી. જેમ વાલજી ગોવિંદજી દેસાઈએ અત્યારે ચોમેર ચાલતી કતલનો ઉંડો અભ્યાસ કર્યો, તેનાં કારણો શોધ્યાં અને તેના નિવારણના ઉપાયો સૂચવ્યા તેમ કોઈ જૈન અમારિ ધર્મના ઉપાસકે કર્યું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે ખરું ? અથવા એવો અભ્યાસ કરી ખરી બીના કોઈ મેળવે છે ખરો ? સેંકડો સાધુઓ છે, બધા વિદ્વાન લેખાય છે અને અહિંસાની એટલી બધી સૂક્ષ્મ વ્યાખ્યા કરે છે કે તે બુદ્ધિમાં પણ ભાગ્યે જ ઉતરે. છતાં એમાંનો કોઈ દેશમાં ચાલતી પશુપંખીઓની કતલ વિષે બધી જાતની સકારણ માહિતી શાસ્ત્રીય વિવેચન સાથે કેમ પૂરી નથી પાડતો ? જો અત્યારે કોઈ પણ હેમચંદ્ર કે કુમારપાળ, હીરવિજય કે અકબરનો આદર્શ સેવવા માગે તો તે જુદી જ રીતે સેવી શકાશે. અત્યારે આ યુગમાં જુ મારનારના દંડની રકમમાંથી મંદિર બંધાવનાર કદી અમારિ ધર્મ બજાવનાર તરીકે પ્રતિષ્ઠા નહિ પામે. આ યુગમાં માત્ર પશુપંખીઓની અમુક વખત સુધી કતલ બંધ કરાવનાર પણ જૂના વખત જેટલી પ્રતિષ્ઠા નહિ પામે. આજના અમારિ ધર્મની જવાબદારી ખૂબ જ વધી ગઈ છે; એટલે એ ઢબે જ કામ થવું જોઈએ. એક બાજુ સાધુવર્ગ સંગઠનપૂર્વક ગામેગામ નીકળી જાય અને એક પણ ગામ એમના પગ તળે ખુંદાયા વિના ન રહે. દરેક માણસને પશુપાલનનું મહત્ત્વ સમજાવે અને પશુરક્ષામાં મનુષ્યબળ તેમજ મનુષ્યજીવન કેવું સમાયેલું છે તે આંકડા, વિગતો અને શાસ્ત્રીય વિવેચન સાથે રજુ કરે. કતલ થયેલા પશુ અને પંખીઓના ચામડાં તેમજ રૂવાં વાપરવાથી કતલ કેવી વધે છે, તે ઉદ્યોગને કેવું ઉત્તેજન મળે છે, સાંચા કામમાં ચરબી વાપરવાથી અને ખેતરોમાં લોહીની ભૂકીનું ખાતર આપવાથી તેમજ શીંગડાં, હાડકાં, ખરી, વાળ વગેરેની ચીજો વાપરવાથી તેની કીંમત વધવાને લીધે, તે ઉદ્યોગ ખીલવાને લીધે, દિવસે દિવસે કતલ કેવી રીતે વધતી જાય છે એ બધું લોકો સમક્ષ આબેહૂબ રજુ કરે અને કતલનો ધંધો મૂળમાંથી જ ભાંગી પડે તે માટે કતલ થયેલ પશુપંખીના એકે એક અવયવની ખરીદ અને વાપર તરફ લોકોની અરુચિ પેદા કરે. મરેલ ઢોરનાં ચામડા સિવાય કતલ કરેલ ઢોરનું કાંઈ જ કામ ન આવે એવી વૃત્તિ લોકોમાં પેદા કરે. બીજી બાજુ ઉચ્ચ કેળવણી માટે તલસતો અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જુદી જુદી કાર્ય દિશાઓને અભાવે વલખાં મારતો તરુણ વિદ્યાર્થી વર્ગ ગોરક્ષા અને પાંજરાપોળના અભ્યાસ પાછળ રોકાઈ જાય અને એ સંસ્થાઓની ઉપયોગિતા તેમજ વ્યાપકતા ખીલવવા ખાતર તેની તેની પાછળ બુદ્ધિ ખર્ચે. એ કામમાં પણ અર્થશાસ્ત્ર, વિજ્ઞાન, ઇતિહાસ અને તત્ત્વજ્ઞાનને અવકાશ છે. જેને અભ્યાસ જ કરવો હોય અને એદીમલિયા થયા સિવાય સાચું કામ કરવું હોય, તેમજ દેશોપયોગી નવું સર્જન કરવું હોય, તેને માટે ગોરક્ષા અને પાંજરાપોળને લગતી સેંકડો બાબતો અભ્યાસ માટે પડી છે. એમાંથી દુગ્ધાલયનું કામ, લોકોને નિર્દોષ ચામડાં પુરા પાડવાનું કામ, નિર્દોષ ખાતર વિગેરેથી ખેતીવાડીને મદદ કરવાનું કામ અને એ સંસ્થાઓની પશુપાલન તેમ જ પશુવર્ધનની શક્તિ વધારવાનું કામ એ બધું કરી શકાય તેમ છે; અને જીવન નિર્વાહ માટે સમાજને કે બીજાને બોજ થયા સિવાય તેમજ ગુલામી કર્યા સિવાય એક નવી દિશા ઉઘાડી શકાય તેમ છે. ઝવેરાતના, અનાજના, કાપડના, સટ્ટાના કે દલાલીના કોઈ પણ ધંધા કરતાં, આજકાલની શાસ્ત્રીય દૃષ્ટિએ ગોરક્ષા અને પાંજરાપોળની સંતોષ વૃત્તિથી સેવા કરવાનો ધંધો, જરાય ઉતરતો નથી. આ દિશામાં સેંકડો ગ્રેજ્યુએટ કે પંડિતોને અવકાશ છે. શિક્ષણકાર્ય, સાહિત્યનિર્માણ કાર્ય, અને બીજાં તેવાં ઉચ્ચ ગણાતાં બૌદ્ધિક કાર્યો કરતાં આ કામ ઉલટું ચડે તેવું છે; કારણકે એમાં બુદ્ધિ ઉપરાંત પ્રત્યક્ષ કાર્ય કરવાનું છે. યુરોપ અને અમેરિકામાં આ વિષયના ખાસ અભ્યાસિયોનો મોટો વર્ગ છે. તે લોકોને અનેક રીતે જ્ઞાન આપે છે, અને પશુપાલનના નવા નવા માર્ગ શોધી તેની આબાદી અને સર્જનની શક્તિ વધાર્યે જ જાય છે.

આપણે જે ફંડો કરી પશુપંખીઓને બચાવીએ છીએ તે માર્ગ બંધ કરવાની જરુર તો નથી જ, પણ હંમેશને માટે સ્થાયી કતલ બંધ કરવાનો કે તેને તદ્દન ઘટાડી દેવરાવવાનો ઉપાય, આજે આજકાલની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરિસ્થિતિ પ્રમાણે જ અજમાવી શકાય. એમ કરવામાં આવે તો કોઈ પણ રાજાની મદદ ન છતાં અને કોઈની પાસેથી ફરમાનો ન મળ્યા છતાં આજના વિદ્વાન સાધુઓ હેમચંદ્ર અને હીરવિજયના આદર્શને આ યુગમાં નજીક આણી શકે.

**મહાન પયગંબર**

૨૫૦૦ વર્ષ પછી માત્ર હિંદુસ્તાનમાં જ નહિ પણ પૃથ્વીના પાંચે ખંડમાં જ્યાં જ્યાં માનવ બચ્ચો વસે છે, ત્યાં ત્યાં બધે જ પોતાની જીંદગીમાં એક જ સાથે અહિંસાનો સંદેશો પહોંચાડનાર અને પોતાની અહિંસા વૃત્તિથી સૌને ચકિત કરનાર આજે મહાન પયગંબર કોણ છે? એ પ્રશ્નનો ઉત્તર પાંચ વર્ષનું બાળક પણ જાણતું ન હોય એમ તમે કહેશો ખરા? આનું કારણ શું? એ મહાન મનાતા પયગંબરની પાસે નથી મયૂરપિચ્છ કે નથી ઓઘો, નથી એની પાસે કમંડળ કે નથી ભામંડળ, નથી એની પાસે ભગવાં કે નથી એની પાસે ક્રૂસ. તેમ છતાં તે અહિંસાનો મંત્રદષ્ટા કેમ કહેવાય છે? એનાં કારણો તરફ અમારિ ધર્મના પ્રેમીઓએ નજર દોડાવવી જોઈએ. કારણ એ છે કે એ પોતે અહિંસાની ઝીણામાં ઝીણી વ્યાખ્યાઓ કરી શાંત નથી બેસતો; પણ એનો પ્રયત્ન અહિંસાને જીવનમાં મૂર્તિમાન કરી તેની વ્યાખ્યા સિદ્ધ કરવાનો છે. એ વિશ્વદયા કે છકાયની સંપૂર્ણ દયામાં માનવા છતાં તેને પાળવાનો કૃત્રિમ દાવો નથી કરતો. એણે તો અહિંસાપાલનની મર્યાદા આંકી છે. એણે વ્યાપક શરૂઆત માનવજાતથી કરી છે, અને તેમાં પણ પોતાના દેશવાસીઓથી પહેલી કરી છે. કારણકે એ જાણે છે કે 'દૂર તે તો દૂર જ છે. અને નજીકનાનો ખ્યાલ ન કરાય તો બન્ને દૂર જ પડી જવાના.' એણે કોઈ રાજા મહારાજા કે સત્તાધીશો પાસેથી દયાનાં ફરમાન મેળવવાનો યત્ન નથી કર્યો; પણ એનું વાક્ય જ દયાનું ફરમાન બની ગયું છે. કારણ એ છે કે તે માનવ જાતને અકારી થઈ પડેલ અને માનવજાતનો ભોગ લેતી એવી લડાઈનાં જ મૂળ ઉખેડવા માગે છે. એને અહિંસા અને સત્યની રક્ષા અને પ્રચાર માટે નથી કોર્ટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જવાની જરૂર પડી, નથી પક્ષાપક્ષી કરી મારામારી કરાવવાની જરુર પડી. એને એની રક્ષા પોતાના હાથમાં જ દેખાય છે. એ પયગંબર કોઈ અમુક વ્યક્તિ કે અમુક સત્તાધારીની શેમાં નથી તણાતો ! એને તો મહાપ્રતાપી ગણાતા રાજ્યકર્તાઓની સામે પણ થવું પડે છે. જેના ઉપર અન્યાય ગુજરતો હોય અને જેનો કોઈ બેલી ન હોય એની વ્હારે વગર હથિયારે માત્ર મૈત્રીનું શરણ લઈ દોડી જવું એ એક જ આ પયગંબરનો જીવન વ્યવસાય છે. મનુષ્યદયા પછી એની દયા પશુઓમાં ઉતરે છે. અને તે પણ મર્યાદિત રીતે. કારણ કે એ જાણે છે કે 'પશુઓની જેટલી અહિંસા કે દયા પાળી શકાય તેટલી લોકોને ઓછી લાગે તેથી તેના તરફ તેઓ ધ્યાન ન આપે અને તેને સિદ્ધ ન કરે, અને જેની વાત અને ચર્ચા કરવામાં આવે તે પાળવી શકય ન હોય, વધારે તો ન પળાય પણ જે શકય હોય તે ઓછી પણ ન પળાય એટલે એકંદર, અહિંસા ધર્મ ચર્ચામાં જ રહી જાય.' માટે જ એણે અહિંસાપાલનની પશુજાતિમાં પણ મર્યાદા આંકી છે. એ પયગંબરની ભાવના છે અને તે શોધે છે કે એવો કોઈ માર્ગ છે કે જે દ્વારા અત્યારે બચાવવાનું શકય દેખાય છે તે કરતાં વધારે બીજા જીવોને અને પશુઓને બચાવી શકાય. એવી શોધ અને તાલાવેલી તેમજ પગવાળીને ન બેસવાની જુવાની એ જ એ વૃદ્ધ' પયગંબરની સફળતાનું કારણ છે. એના જીવનમાંથી આપણે શું શીખીએ ?

વધારે નહિ તો આટલું તો શીખીએ જ. (૧) સ્વદેશીધર્મ અને ખાસ કરી ખાદી સિવાય બીજાં કપડાં માત્રનો ત્યાગ. (૨) જીવિત ચામડાંની વસ્તુના વાપરનો ત્યાગ. (૩) કોઈ પણ જાતના કેફી પીણાંનો ત્યાગ. આપણા જૈનો માટે તો બીડી, હોકા, સીગારેટ વગેરેનો ત્યાગ. (૪) સૌથી મહત્ત્વનું અને છેલ્લું આપણું કર્તવ્ય એ છે કે આપણે શાસનરક્ષા માટે ફંડો જમે ન કરીએ. એ ફંડોને કોર્ટે ન ખર્ચીએ. છાપાંઓ ને પુસ્તકોદ્વારા મનુષ્યત્વને લજાવે એવો વિષપ્રચાર ન કરીએ. પક્ષાપક્ષી અને દળબંદીમાં ન રાચીએ.

તા. ૨૨-૮-૩૦ સુખલાલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org